# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12/02/2026** **Morning : 7.10 to 7.20AM**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરન મકવાણા** વાંચે છે.

---

1. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે અમેરિકા અને યુરોપિયન સંઘ સાથે થયેલ વેપાર કરાર ડેરી ઉદ્યોગ માટે લાભદાયી થશે.
2. હર હર મહાદેવના નાદ સાથે જૂનાગઢ ખાતે શિવરાત્રીના મેળાનો પ્રારંભ - ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ શિવ મંદિરની વેબસાઇટ લોન્ચ કરી.
3. ગુજરાત વિધાનસભાના આગામી અંદાજપત્ર સત્ર પહેલા આજે કામકાજ સલાહકાર સમિતિની બેઠક યોજાશે
4. નળસરોવરમાં 270 પ્રજાતિના 6 લાખથી વધુ પક્ષીઓની થઈ નોંધણી
5. ભાવનગરમાં આજથી ઉદ્યોગ, પર્યાવરણ અને અર્થતંત્ર માટેના આંતરરાષ્ટ્રીય પરિષદ યોજાશે.
6. રાજ્યના બે દિવ્યાંગ ખેલાડીઓએ વિશેષ ઓલિમ્પિક્સ રાષ્ટ્રીય સ્પર્ધામાં 2 સુવર્ણ સહિત પાંચ ચંદ્રક જીત્યા.

---------------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CM AMUL AI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે અમેરિકા અને યુરોપિયન સંઘ સાથે થયેલ વેપાર કરાર ડેરી ઉદ્યોગ માટે લાભદાયી થશે. શ્રી પટેલે આણંદમાં ડેરી વ્યવસ્થાને અદ્યતન કરતી અને સહકારને ભવિષ્ય માટે તૈયાર કરતી અમૂલ A.I. - કૃત્રિમ બુદ્ધિમત્તા પહેલના પ્રારંભ કરાવતી વખતે આમ જણાવ્યું.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, આ કરારમાં ડેરી ઉત્પાદનોના આયાતને બાકાત રાખવાના નિર્ણયથી દેશમાં દૂધ ઉત્પાદન પર નિર્ભર 10 કરોડથી વધુ નાના અને સીમાંત ખેડૂતોનો જીવનનિર્વાહ સુરક્ષિત રહેશે.

**(BYTE- BHUPENDRA PATEL, CM) ON INDIAUS TRADE DEAL**

અમૂલ A.I. નો ઉપયોગ કરવા દૂધ ઉત્પાદકો તેમના ગામની દૂધ સહકારી મંડળીમાં નોંધાયેલા મોબાઈલ નંબર પરથી 080-3545 3545 પર કૉલ કરી શકે છે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

.....................................

# Dy.cm Bhavanth Melo

**નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગઇકાલે જૂનાગઢમાં મહાશિવરાત્રીના મેળામાં ભવનાથ મંદિર સુધીની પદયાત્રા કરી. ભવનાથ મંદિરે દર્શન કરીને શિવ મંદિરની વેબસાઈટ લોન્ચ કરતાં ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે શિવરાત્રીના મેળામાં યાત્રાળુઓની સુવિધા માં દર વર્ષે ઉત્તરો ઉત્તર વધારો કરાશે.**

**(BYTE – HARSH SANGHAVI, Dy.CM)**

શ્રી સંઘવીએ જૂનાગઢમાં રાત્રિ રોકાન દરમ્યાન સાંસ્કૃતિક કાર્યક્રમમાં મૈથલી ઠાકુર અને લોકસાહિત્યકાર રાજભા ગઢવીનો કાર્યક્રમ માણ્યો હતો.

બીજી તરફ જામનગરમાં આગામી મહા શિવરાત્રી નિમિતે યોજાનાર શોભાયાત્રાના આયોજન અંગે બેઠક યોજવામાં આવી હતી. તેમજ ભક્તિ ફેરી યોજાય હતી.

……………………………….

## Governor Rajkot

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી આજે અખિલ ભારતીય સંસ્કૃત સમારોહનો શુભારંભ કરાવશે.સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને રાજ્ય સંસ્કૃત બોર્ડના સંયુક્ત ઉપક્રમે આજે અને આવતીકાલે 'સંસ્કૃતિમંથન : મહર્ષિ દયાનંદ સરસ્વતી' વિષય પર બે દિવસીય સમારોહનું આયોજન કરાયું છે.

રાજ્યપાલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે વિવિધ પ્રકલ્પોની મુલાકાત લઈ સંરક્ષિત વનસ્પતિઓનું અવલોકન કરશે. તેઓ પ્રાકૃતિક ખેતી પ્રકલ્પની પણ મુલાકાત લેશે.

……………………………….

# KAMKAJ SALAHKAR SAMITI BETHAK

ગુજરાત વિધાનસભાના આગામી અંદાજપત્ર સત્ર પહેલા આજે કામકાજ સલાહકાર સમિતિની બેઠક યોજાશે. વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીની આગેવાનીમાં યોજાનારી બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, સમિતિના સભ્યો સહિત કોંગ્રેસના ધારાસભ્યો ઉપસ્થિત રહેશે.

ઉલ્લેખનીય છે કે, આગામી 16 તારીખથી વિધાનસભાનું સત્ર શરૂ થશે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના સંબોધનથી સત્રનો પ્રારંભ કરાશે. પહેલા દિવસે ગૃહમાં શોક પ્રસ્તાવ રજૂ થશે. જ્યારે 18 તારીખે નાણામંત્રી કનુ દેસાઈ ગૃહમાં અંદાજપત્ર રજૂ કરશે.

. . . . . . . . . . . . . .

## Botad Budget

બોટાદ શહેરના માર્કેટિંગ યાર્ડ ખાતે બોટાદના વેપારીઓ અને ઉદ્યોગકારો સાથે અંદાજપત્ર અંગે સંવાદ યોજાયો . જેમાં મુખ્ય વક્તા તરીકે ભાવનગર જિલ્લાના પૂર્વ પ્રમુખ ડો. રાજેશ પંડ્યાએ અંદાજપત્ર અંગે વિસ્તૃત માહિતી સાથે વેપારીઓને ઉદ્યોગકારોને થતા ફાયદાની આપી માહિતી.

**(BYTE-DR.RAJESH PANDYA, Former President, BJP)**

**બીજી તરફ પાટણની હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીમાં યોજાયેલા કેન્દ્રીય બજેટ પરના સેમીનારમાં વિદ્યાર્થીઓને માહિતી પૂરી પાડવામાં આવી હતી.**

……………………………….

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

ગોન્ગ મ્યુઝિક

.....................................

## Daman VB - G RAM G

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી જિલ્લા પંચાયત દ્વારા 'વિકસિત ભારત - જીરામ જી (VB - G RAM G) એક્ટ, ૨૦૨૫' ના અમલીકરણ અંગે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.

જિલ્લા પંચાયતના મુખ્ય કાર્યકારી અધિકારી અરુણ ગુપ્તાએ જણાવ્યું કે, આ નવા કાયદા હેઠળ ગ્રામીણ વિસ્તારના જરૂરિયાતમંદોને ૧૨૫ દિવસના રોજગાર ગેરંટી આપવામાં આવશે.

**(BYTE – ARUN GUPATA, CEO, J.P.SELVASA)**

.....................................

## NAL SAROVAR – PAKSHI GANATRI

અમદાવાદ નજીક આવેલ રામસરસાઈટ નળસરોવર પક્ષી અભયારણ્ય ખાતે તાજેતરમાં પક્ષી વસ્તી ગણતરી અભ્યાસ-2026નું આયોજન કરવામાં આવ્યું હતું.

દર બે વર્ષે યોજાતા વસ્તી ગણતરી અભ્યાસમાં , આ વર્ષે યોજાયેલા આ સર્વેમાં 270 જેટલી વિવિધ પ્રજાતિઓના અંદાજે 6 લાખ 42 હજાર 232 પક્ષીઓની નોંધાયા.

આ ગણતરી પ્રક્રિયાને ચોકસાઈપૂર્વક પૂર્ણ કરવા માટે સમગ્ર અભયારણ્યને 50 સર્વે ઝોનમાં વિભાજિત કરવામાં આવ્યું હતું. આ અભ્યાસમાં કુલ 220 પક્ષીવિદો અને ઉત્સાહીઓએ ભાગ લીધોહતો. આ ટીમમાં 35 વિદ્યાર્થીઓ, 61 પક્ષી નિરીક્ષકો અને ફોટોગ્રાફી નિષ્ણાતો, ગુજરાત બહારથી આવેલા 13 નિષ્ણાતો તેમજ વન વિભાગ તથા અન્ય વિભાગોના 12કર્મચારીઓ સામેલ હતા. ખાસ કરીને સ્થાનિક 99 બોટમેન અને માર્ગદર્શકોએ આ પ્રક્રિયામાં પાયાની ભૂમિકા ભજવી હતી.

.......................................

## ICCIEE- CSMCRI bhavanagar

ભાવનગરમાં આજથી ઉદ્યોગ, પર્યાવરણ અને અર્થતંત્ર માટે દરિયાઈ રસાયણ સંશોધનના ઉત્પ્રેરક પર આંતરરાષ્ટ્રીય પરિષદનો પ્રારંભ થશે. કેન્દ્રિય મીઠાં અને દરિયાઈ રસાયણ સંશોધન સંસ્થા દ્વારા આયોજિત આ બે દિવસના કાર્યક્રમમાં સંશાધનોના ટકાઉ ટેકનોલોજી, ઔદ્યોગિક અને પર્યાવરણીય ઉપયોગોમાં પ્રગતિ અંગે ચર્ચા કરાશે. વિશ્વભરના અગ્રણી વૈજ્ઞાનિકો, ઉદ્યોગ નિષ્ણાતો અને શિક્ષણવિદો આ કાર્યક્રમમાં ભાગ લેશે.

……………………………….

## Special Olympic champ

હરિયાણાના રોહતક ખાતે યોજાયેલ વિશેષ ઓલિમ્પિક્સ રાષ્ટ્રીય સ્પર્ધામાં રાજ્યના બે દિવ્યાંગ ખેલાડીઓએ 2 સુવર્ણ સહિત પાંચ ચંદ્રક જીત્યા.

રાષ્ટ્રીય સ્તરે યોજાયેલ સ્પર્ધામાં છોટાઉદેપુરના બે ખેલાડીઓ, પ્રવીણ ચારણએ ૨ સુવર્ણ અને ૧ કાંસ્ય અને ઉર્મિલા રાઠવાએ ૨ કાંસ્ય ચંદ્રક મેળવતા, જિલ્લા કલેકટર ગાર્ગી જૈનએ દિવ્યાંગ ખેલાડીઓનું સન્માન કર્યું.

……………………………….

## Bharat rang Mahotsav

વિશ્વના સૌથી મોટા આંતરરાષ્ટ્રીય નાટ્ય મહોત્સવ '**25**મા ભારત રંગ મહોત્સવ'ના અમદાવાદ ખાતે આગામી **14** ફેબ્રુઆરીથી પ્રારંભ થશે.

નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા દ્વારા આયોજિત આ ત્રણ દિવસીય નાટ્ય ઉત્સવ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં આવેલા ઉપાસના ઓડિટોરિયમ ખાતે યોજાશે. આ વર્ષના મહોત્સવની થીમ સંવાદ સંસ્કૃતિયોં કા રાખવામાં આવી છે, જે વિવિધ અવાજો અને કલાત્મક નવીનતાઓને એક મંચ પર લાવશે. ઉપાસના સ્કૂલ ઓફ પરફોર્મિંગ આર્ટ્સના નિર્દેશક ડૉ. વિરાજ ભટ્ટ જણાવ્યું હતું કે , મહોત્સવની શરૂઆત મહાદેવ સિંહ લખાવત દ્વારા લિખિત અને નિર્દેશિત મ્યુઝિકલ ટેલ 'ડેઝર્ટ બ્લૂમ' **(Desert Bloom)** થી થશે.

**(BYTE – DR.VIRAJ BHATT, Director of Upasana School of Performing Arts)**

**ઉલ્લેખનીય છે કે, આ વર્ષનું પ્રકરણ ગુજરાતી રંગભૂમિમાં અમૂલ્ય યોગદાન આપનાર શ્રી રાજુ બારોટ ને સમર્પિત કરવામાં આવ્યું છે.20 ફેબ્રુઆરી સુધી આયોજિત આ મહોત્સવમાં 9 દેશો અને ભારતના દરેક રાજ્યના નાટ્ય જૂથો ભાગ લઈ રહ્યા છે. આ દરમિયાન 228 ભાષાઓમાં 277 થી વધુ નાટકો ભજવાશે.**

……………………………………

# Rajkot Special Train

**રાજકોટ થી લાલકુઆં વચ્ચે 2જી માર્ચથી વિશેષ ટ્રેન દોડાવાશે. આ ટ્રેન માટે ટિકિટનું બુકિંગ આવતીકાલથી શરૂ થશે. રાજકોટ-લાલકુઆં વિશેષ ટ્રેન રાજકોટ થી દર સોમવારે રાતે સાડા દસ વાગ્યે ઉપડશે અને બુધવારે લાલકુઆં પહોંચશે. આ ટ્રેન આગામી 30 માર્ચ સુધી ચાલશે.**

……………………………………